સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પૈસા અને ન્યાયના યુદ્ધમાં 'કલીનચીટ' ખાટે છે,
સરકારી સૂચના પ્રમાણે - કલીનચીટ ફાટે છે,
દાટે ન્યાયને નિર્દોષ ભૂલકાંની સમાધિ સાથે -
નીતિ નેવે, 'નિવૃત્ત-ગુલામો' 'કમીશન' ચાટે છે
(આશારામ - નિર્દોષ ???)

હાઈકુ

વેંચાઈ જાય,
સત્ય - ન્યાય - ચૂકાદા -
'કમીશન' થી...

પીંખાઈ જાય -
નિર્દોષ ભૂલકાંઓ -
પાપાચારમાં...

ચિંતન

યાં રક્ષન્ત્યસ્વપ્ના વિશ્વદાનીં દેવા ભૂમિં પૃથિવીમપ્રમાદમ્ ।
સા નો મધુ પ્રિયં દુહામથો ઉક્ષતુ વર્ચસા ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

રાષ્ટ્રના નિર્માણ માટે આપણા બધા નાગરિકો કર્મશીલ અને જાગૃત થઈએ. જે દેશમાં આળસુ અને પ્રમાદી માણસો હોય છે તે દેશ ગુલામ થઈ જાય છે.

રાષ્ટ્રની ઉન્નતિ માટે આધ્યાત્મિક, ચારિત્રિક, સાંસ્કૃતિક, આર્થિક, ઔદ્યોગિક એમ બધાં ક્ષેત્રોમાં પ્રગતિ થવી જરૂરી છે. ત્યારે જ એક સ્વસ્થ, સબળ અને સમર્થ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. એક જમાનામાં ભારત રાષ્ટ્ર જગદગુરુ કહેવાતું હતું. વર્ણવ્યવસ્થાની સ્વસ્થ પરંપરાને અનુરુપ બધા નાગરિકો જાગૃત રહીને સતત કર્મશીલ રહેતા હતા. તેઓ પોતાની ઉન્નતિ કરતા હતા તેમજ રાષ્ટ્રનો પણ ચોમુખી વિકાસ કરતા હતા.

કાળાંતરે આપણા નાગરિકોને આળસ અને પ્રમાદે ઘેરવાનું શરૂ કર્યું. જેના પરિણામે અનેક દુષ્પ્રવૃત્તિઓ પેદા થવા માંડી. આળસ જ બધા પાપોનું મૂળ છે. પરમેશ્વર પણ ચેતન અને ઉદ્યમી માણસને પ્રેમ કરે છે, આળસુ અને પ્રમાદીને નહિં.

સુવિચાર

- તમારી સારી ભાવના એ જ તમારો ઈશ્વર અને માર્ગદર્શક એને અનુસરો તો બધું સારું જ થાય - **ચાણક્ય**
- દિશા એક છે ને દશા એક છે, કથા આપણા સૌની હા એક છે - **આદિલ મનસુરી**
- કોઈ અન્ય વ્યક્તિ પ્રત્યે ક્રોધ કે ઈર્ષ્યા નો ભાગ જાગે, તેનું પરિણામ એ વ્યક્તિએ નહીં, તમારે ભોગવવું પડે છે - **ગૌતમ બુદ્ધ**
- આપત્તિઓ મારા ધ્યેયને ભૂલાવી ના શકે, પ્રત્યેક વિઘ્ન મારા ધ્યેયને વધુ દૃઢ બનાવે છે, જેની દૃષ્ટિ આકાશના સિતારા તરફ છે, એના ચિત્તને કોઈ ચલિત ના કરી શકે - **લિયોનાર્દો દ વિન્ચી**
- પોતાના દેશના હિતમાં, દેશભક્તિપૂર્ણ જુઠાણું ચલાવે એ કુશળ રાજનીતિજ્ઞ - **ચાર્લ્સ દ ગોલ**
- શિક્ષણ વિના પણ કુદરતી શક્તિનો સહારે વ્યક્તિ ઉચ્ચ ધ્યેય અને મૂલ્યોને પામી શકે છે, જે ઘણીવાર શિક્ષિત હોવાને લીધે નહીં મેળવી શકાય - **સિસેરો**
- આજનું ઔષધ : તમાલપત્ર ૩ નંગને ૨૦૦ મી.લી. પાણીમાં ખૂબ ઉકાળીને તે પાણી નવશેકું પીવાથી શરદી-ખાંસીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગૂગલ કંપનીના હેડ ભારતીય મૂળના મિ. સુંદર પિચાઈએ એક સેલ્ફ ડેવલપમેંટની વાત 'કોક્રોચ થિયરી' જાણવા જેવી છે. એક હોલમાં પચાસેક જેટલી મહિલાઓ કોઈ કાર્યક્રમ માટે ભેગી થઈ હતી. અચાનક એક વંદો (કોક્રોચ) આવ્યો અને એક મહિલાના ખભા પર બેઠો. બીજી મહિલાએ તે જોયો અને ડરથી ચીસ પાડી 'કોક્રોચ'. જે લેડીના ખભા પર કોક્રોચ હતો તેણે તો ચીસાચીસ અને કૂદાકૂદ કરી મૂકી. આ વર્તનનો ચેપ તે હોલમાં સૌને લાગ્યો. કોક્રોચ ત્યાંથી બીજી કોઈ લેડીના માથા પર બેઠો. તેણે ડરના માર્યા બૂમો પાડી. એક વેઈટર તેમની મદદ માટે ગયો. અને કોક્રોચ વેઈટરના પગ પર પડ્યો. વેઈટર બિલકુલ સ્થિર ઊભો રહ્યો. શાંત રહ્યો. અને વંદાના વર્તનનું બરાબર નિરીક્ષણ કર્યું. પછી લાગ જોઈને વંદાને પોતાના રૂમાલની મદદથી હાથની મુઠ્ઠીમાં પકડી હોલની બહાર જતો રહ્યો. સુંદર પિચાઈ જણાવે છે કે શું આવું ધમાલભર્યું વર્તન કોક્રોચને લીધે હતું અને જો ખરેખર એવું હતું તો વેઈટરે કેમ એવું વર્તન ન કર્યું? વેઈટરે તો શાંતિ રાખી અને સ્વસ્થતાપૂર્વક વંદાને પકડી લીધો. લેડીઝનું વર્તન તે સંજોગોમાં સ્વસ્થતા ન જાળવી શકવાની પરિસ્થિતિને લીધે હતું. કોઈ પણ પરિસ્થિતિને આપણે સંભાળી શકતા નથી, સહન કરી શકતા નથી, તે આપણને પરેશાન કરે છે, કોઈ પણ સંજોગોમાં પરેશાન થઈ વર્તન કરવાને બદલે સ્વસ્થતા જાળવી, વિચારીને પ્રતિભાવ આપો.

મોદી સરકારની ઐતિહાસિક સિદ્ધિ

તંત્રીસ્થાનેથી...

પરદુ:ખભંજન વીર વિક્રમની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમ મહિલાઓ સાથે 'તીન તલાક'ના નામે થતા અત્યાચારને ફોજદારી ગુનો ગણાવતો ખરડો પસાર કરી સાચા અર્થમાં એક યજ્ઞકાર્ય કર્યું છે. એમની આ સિદ્ધિ બદલ મુસ્લિમ મહિલાઓ એમની હંમેશને માટે ઓશિંગણ રહેશે. ખુદ ઈસ્લામિક રાષ્ટ્રોમાં જેના પર પ્રતિબંધ છે એવી આ કલંકરૂપ પ્રથા ભારતીય મુસ્લિમ મહિલાઓ માટે કેટલી પીડાદાયક હતી એ તો જેણે એ પીડાનો જાત અનુભવ કર્યો હોય એવી બહેનદીકરી જ કહી શકે. પરંપરાના નામે એને ધર્મના અંચળા હેઠળ મુસ્લિમોને અત્યાર લગી પછાત રાખનારા મૌલવીઓ એને ઠેકેદારો આ પ્રથાની વિરુદ્ધમાં સરકાર કંઈ પણ કરે તો એ સાંખી લેવા તૈયાર નહોતા. આવી સ્થિતિમાં, વોટબેન્કની રાજનીતિ કરતા કોંગ્રેસ સહિતના વિપક્ષોને લપડાક લગાવી મોદી સરકારે મુસ્લિમ મહિલાઓના વૈવાહિક જીવન પર તરાપ મારતી કલમને રદ કરવાની હિંમત દાખવી છે તે ખરેખર દાદ માગી લે છે. પહેલી ટર્મમાં વડાપ્રધાન આ બિલ રાજયસભામાં પસાર કરાવી શક્યા ન હતા. 'મોદી-૨' એ રીતે એમના અધૂરા સપનાને સાકાર કરતું પર્વ બની રહ્યું છે. મોદી સ્વાભાવિક રીતે જ એથી અપાર ખુશી અનુભવતા હશે. એમણે ટ્વિટ કરીને આપેલ નિવેદનમાં એ હરખ વ્યક્ત થાય છે. મધ્યકાલીન કુપ્રથાને કચરાપેટીમાં દફન કરવા બદલ એમને પોતાની પીઠ થાબડવાનો અધિકાર છે. એટલું જ નહીં, દેશની મુસ્લિમ મહિલાઓના અબોલ આશીર્વાદ પણ એમની સાથે છે. કેટલીક મુસ્લિમ મહિલાઓને બળજબરીપૂર્વક આ બિલની વિરુદ્ધ દેખાવો કરવા મજબૂર કરાયેલી તે પણ મનોમન અપાર પ્રસન્નતા અનુભવતી હશે. આ ખરડો હવે રાષ્ટ્રપતિની સહી સાથે જ કાયદો બની જશે, જેનો મોદી સરકાર ચુસ્ત રીતે અમલ કરાવી આંતરરાષ્ટ્રીય સ્તરે નામના કમાશે. કોંગ્રેસ આ બિલનો વિરોધ કરીને ઉઘાડી પડી ગઈ છે. મુસ્લિમ પતિ ટ્રિપલ તલાક બોલી પત્નીને હક્કોથી વંચિત કરશે તો એને ત્રણ વર્ષની જેલ થશે. મહિલા અથવા એનાં સગાંવ્હાલાંઓની ફરિયાદના આધારે પોલીસ વોરંટ વગર આવા ક્રૂર પતિદેવોની ધરપકડ કરી શકશે. વળી આવી સ્ત્રી ભરણપોષણ મેળવવા તો હકદાર રહેશે જ. આ ઐતિહાસિક બિલ પસાર કરીને મોદી સરકારે 'કોમન સિવિલ કોડ' તરફનો રસ્તો સાફ કર્યો છે. ધર્મના આધારે અલગ અલગ અધિકારો અને એમાં પણ મુસ્લિમોને ચાર ચાર પત્નીઓ કરવાનો ધાર્મિક અધિકાર આપવો એ તો લોકશાહી રાષ્ટ્રની મજબૂરી જ ગણાય. લોકશાહીમાં દરેક નાગરિકને ધર્મ, જાતિ, લિંગભેદ કે આર્થિક સમાનતા છતાં સમાન અધિકારો આપવાની અહાલેક પોકારતું ભારતનું રાજબંધારણ આવા મુદ્દે અપવાદો કરે તે યોગ્ય ન જ લેખાવું જોઈએ. ૧૯૮૬માં સુપ્રીમ કોર્ટે શાહબાનો કેસમાં ચુકાદો આપી આ મુદ્દે દેશનું ધ્યાન ખેંચ્યું હતું. રાજીવ ગાંધીની સરકારે બહુમતીના જોરે એ ચુકાદો નિરસ્ત કર્યો હતો, જેની નકારાત્મક છાપ કોંગ્રેસને આજપર્યંત નડતી રહી છે. કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદ કહે છે એમ કોંગ્રેસની શાહબાનો મોડલ વાળી નીતિ આજે પણ અકબંધ છે, અને તેની સામે પ્રજાકીય સમર્થનથી લોકસભામાં પ્રાપ્ત થયેલ બહુમતી પ્રથા તથા રાજયસભામાં પણ વ્યૂહાત્મક સમર્થનથી બહુમતીના આધારે, તદ્દન બંધારણીય મર્યાદામાં રહીને આ બિલ પસાર કરાયું છે. મોદી અને એમની ટીમને આ ઐતિહાસિક બિલ પસાર કરાવી દુખિયારી મુસ્લિમ મહિલાઓ માટે ન્યાય અપાવતા આ કાનૂન બદલ મોદીને ઈતિહાસ યાદ રાખશે.

હોય ગુફા કે સ્તૂપ અમારે સબ જોવાનું, થઈ પ્રવાસી કાંઈ અમારે નહીં ખોવાનું

મનના ઉમંગો
રણછોડ પરમાર

આ પ્રવાસમાં શ્રી રમેશભાઈ કોઈ રસોયાને સાથે લઈ ગયા ન હતા. એટલે જમવાનું બધે બારોબાર જ ચાલતું હતું. ચંપારણ્યમાં મંદિરના ભોજનાલયમાં જમવાનું થયું હતું. જગન્નાથપુરીમાં બાલાજી હોટલમાં ગોઠવ્યું હતું. કોણાર્કનું સૂર્ય મંદિર જોયા પછી જમવાનું જ્યાં લકઝરી બસ ઊભી રાખી હતી ત્યાં જ હતું. ખરેખર તો જે હોટલમાં જમવાનું હતું તે હોટલની પાસે બસ ઊભી રાખી હતી. એ બસ નહીં જોવાને કારણે તો હું ભૂલમાં ને ભૂલમાં આગળ વધી ગયો હતો. એ તો સારું થયું કે એ જ સમયે રમેશભાઈ બહાર નીકળેલા એ મને જોઈ ગયા. એમણે બૂમ પાડી. બૂમ મારા સાંભળવામાં પણ આવી. હું પાછો વળ્યો. હોટલમાં પ્રવેશ્યો ત્યારે બધાની થાળીઓ પીરસાઈ ગઈ હતી. આજે પણ આખો દિવસ પ્રવાસ હતો એટલે રસ્તામાં જમવા સિવાય બીજો વિકલ્પ ન હતો. હોટલનું ભોજન ગમે તેટલું સારું હોય તોય રસોયાની રસોઈ જેવી મઝા આવતી નથી. રસોઈ બહુ સારી હોય તો છેવટે સર્વીસ સારી નથી એવી ફરીયાદ તો ઉઠે ને ઉઠે જ. બસ અહીં પણ એ જ ફરીયાદ ઊભી થઈ હતી.

જમવાનું પત્યા પછી બધાં એક પછી એક ગાડીમાં બેસવા લાગ્યા. કેટલાકને કાયમ જમ્યા બાદ થોડુંક આડેપડખે થવા જોઈએ છે. એ લોકોને આવા પ્રવાસોમાં ભારે અગવડ પડે છે. એ લોકો જેવા બસમાં બેસે છે એવા તરત જ આંખો મીંચી દે છે. જો તરત ઊંઘ આવે તો ઠીક છે નહીંતર પાંચ પાંચ મિનિટે આંખો ઉઘાડીને શું આવ્યું એમ પૂછતા રહે છે. પણ આ ગાડીનો ગાઈડ ભારે બોલકણો હતો. એ સહેજે ચૂપ રહેતો ન હતો. જ્યારે એનું મોઢું બંધ થાય ત્યારે એ સંગીત ચાલુ કરી દેતો હતો. એમાં ઘણાને અત્યારના ગીતો ગમતાં હોય અને ઘણાને એ ગીતો સહેજે ના ગમતાં હોય. કોઈ કહે અવાજ વધારો અને કોઈ કહે અલ્યા ઘોંઘાટ ઓછો કરો.એમ કરતાં કરતાં પ્રવાસનું સ્થળ આવી જાય એટલે ગાઈડ એ સ્થળ વિશે થોડી માહિતી આપે અને અડધી-પોણી કલાકમાં પાછા આવી જવાની સૂચના સાથે બધાંને દર્શન કરવા મોકલે.

અમારું બીજું સ્થાન હતું ધવલગિરિ. ગૌતમ બુધ્ધ ભગવાનની યાદગીરીમાં બનાવેલો સ્તુપ એટલે ધવલગીરી. મહારાજ અશોકની કલિંગના રાજા સાથે લડાઈ થયા બાદ દૂશ્મન સેનાનો સંહાર જોઈ અશોકરાજાનો હૃદયપલટો થઈ ગયેલો. આ ડુંગરની નીચેના મેદાનમાં એ ભીષણ યુધ્ધ લડાયેલું. અને કદાચ આ ડુંગર ઉપરથી જ એક ક્રુર મહારાજાએ ચોમેર વેરાયેલી લાશો જોઈ હશે અને પારાવાર વેદના પછી એક દયાળું રાજાનો જન્મ થયો હશે.

કાઠમંડુમાં જોયેલા સ્તુપ જેવો જ સફેદ આરસના પથ્થરોથી આ સ્તુપ બનાવાયેલો છે.આ સ્તુપ જો કે કાઠમંડુના સ્તુપ જેટલો ચમકીલો સફેદ ન હતો. છતાંયે ભવ્યતા તો એવી જ હતી. પચીસત્રીસ પગથિયાંનું આરોહણ કરવાનું હોવાથી ઘણા પ્રવાસીઓએ નીચે વૃક્ષનો છાંયડો શોધીને બેસવાનું પસંદ કર્યું. ઘણાએ આ તાબૂત પર કોઈ દર્શન કરવાના નહીં હોવાથી નકામા ટાંટિયા નહીં તોડવાનું જ પસંદ કર્યું. અમારા જેવા ઉત્સાહથી ઉપર આવ્યા. ચારે બાજુના દ્રશ્યોના ફોટા પાડવા માંડ્યા. અહીં પણ સ્તુપની ચારે દિશામાં બુધ્ધની ચાર મુદ્રાઓના શિલ્પ છે. સામી દિશામાં બેઠેલા બુધ્ધ ભગવાન છે. બીજામાં એક હાથ ઊંચો કરીને ઊભેલા ભગવાનની મૂર્તિ છે. ત્રીજામાં સૂતેલા ભગવાન છે. ચોથા શિલ્પમાં ભગવાન, તેમના દર્શને આવેલા ભક્તજનો અને એક રથ બનાવેલાં છે. દરેક પ્રવાસી ભગવાનની મૂર્તિ સાથે પોતાના ફોટા પાડે છે અથવા પડાવે છે. તમારે એકલા ભગવાન બુધ્ધનો ફોટો પાડવો હોય તો ખાસ્સી વાટ જોવી પડે.

ધવલગિરિની મુલાકાત પૂર્ણ થતાં જ લકઝરી બસ ભુવનેશ્વર જવા ઉપડી. ભુવનેશ્વર ઓરિસ્સાની રાજધાની છે. ભુવનેશ્વરમાં ઘણા દર્શનીય સ્થળો આવેલા છે. તેમાં સૌથી પ્રખ્યાત લિંગરાજનું મંદિર છે. આ એક એવું મંદિર છે કે જેમાં શિવનું જ એક રૂપ વિષ્ણુ છે. હરિહરને સમર્પિત છે અને તેવી રીતે પૂજાય છે. લિંગરાજનો મતલબ જ એ થાય છે કે સર્વે લિંગમા આ શ્રેષ્ઠ છે. આ શિવપૂજાનું સર્વોત્તમ સ્થળ છે. તે અગિયારમી સદીમાં નિર્માણ પામ્યું હતું અને ૫૫ ફૂટ ઊંચું છે. મહાશિવરાત્રીએ અહીં ભવ્ય મેળો ભરાય છે. શંકર ભગવાનના મંદિરની એ ખાસિયત હોય છે કે કૃષ્ણ કે માતાજીના મંદિરોની માફક તે વારંવાર બંધ થતાં નથી. આથી ભક્તોને ઘણી રાહત રહે છે.

અહીં એક સરસ વાત એ બની કે અમારા ફોટોગ્રાફરે બધાના મોબાઈલ અને કેમેરા સાચવવા પોતે તૈયારી દર્શાવી. અમે તુરત જ અમારા મોબાઈલકેમેરા તેમને સોંપી દીધા. બધા અંદર ગયા. શાંતિથી દર્શન કર્યા. પાછા વળતાં કુલરનું ઠંડું પાણી પીધું. આ મંદિરની આસપાસ બિંદુસરોવર આવેલું છે. અમને તેની કોઈ જાણકારી હતી નહીં. અમારે હજી એક સ્થળ જોવાનું બાકી હતું અને સાંજ પહેલા જગન્નાથપુરી પહોંચી જવાનું હોઈ, તેથી આયોજકોએ અમારા પ્રવાસ કાર્યક્રમમાં કદાચ તેનો સમાવેશ નહીં કર્યો હોય. અમે થોડા વહેલા બહાર આવી ગયા હતા.બહાર આવી બસ બાજુ પ્રયાણ કર્યું. વચમાં એક ચાનો ગલ્લો આવ્યો. ચા પીવાનો સમય થઈ ગયો હતો. અમારી હાજર સભ્ય સંખ્યા પણ ઓછી હતી. અમે ચાર ચાનો ઓર્ડર આપ્યો. ધીમે ધીમે સભ્ય સંખ્યા વધીને દસઅગિયાર થઈ ગઈ. ચાવાળાએ હજી ગલ્લો ખોલ્યો જ હતો. એટલે એકદમ તાજી ચા પ્રાપ્ત થઈ. મેં ચાના પૈસા કાઢવા અડધીપડધી તૈયારી બતાડી, પણ એક ભાઈએ બધા પાસેથી દસ દસ રૂપિયા ઉઘરાવીને દસ ચાના પૈસા એકઠા કરી દીધા. આવું દરેક જગ્યાએ થતું હોય તો કેવું સારું !

બધા પ્રવાસીઓ આવી જતાં બસ ફરી આગળ વધી. હવે પછીનું સ્થળ હતું ઉદયગિરિ-ખંડગિરિની ગુફાઓ. એનું મૂળ

અનુસંધાન પાના નં ૭ પર

જીવનની વિષમ પરિસ્થિતિઓમાં ધાર્મિક પ્રણાલિકાઓની ગોદ હૂંફ આપે છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

હમણાં મંદિરમાં દર્શન સમયે ભગવાનની મૂર્તિ જોઈ મન મોહી ગયું. સુંદર વસ્ત્રો અને અલંકારોથી સજ્જ ભગવાનની મૂર્તિની જાણે હમણાં બોલશે એવો ભાસ થતો હતો. એ આંખોમાં રહેલો પ્રેમાળ આવકાર દુનિયાના અનેક સંતાપો ને પાછળ છોડીને અલૌકિક વાતાવરણમાં આમંત્રણ આપતો હતો. અનોખું સુકુન હતુ વાતાવરણમાં. સાચે જ મંદિરના ઘંટનાદ આરતીના ગુંજારવમાં એવી શક્તિ છે કે, તે માણસના વિક્ષિપ્ત મનને એકાગ્ર કરી વર્તમાનમાં લઈ આવે છે.

મોટેભાગે આપણે મંદિરમાં ભગવાનની મૂર્તિ સમક્ષ બે હાથ જોડીને, આંખ બંધ કરીને ઊભા રહી અને મનોમન આપણી અનેક રજૂઆતોની યાદી એમને કહેવામાં મગ્ન થઈ જઈએ છીએ. આપણી કલ્પનાના પ્રભુની બેનમૂન

શૃંગારિકતા સાથે સાધુતા એટલે કે વૈરાગીપણાનો સમન્વય એ હિંદુધર્મની વિશેષતા છે

મૂર્તિ, એમની સ્નેહાળ આંખો અને એમનો સુંદર શણગાર નીરખવાનો-માણવાનું ચૂકી જઈએ છીએ. ક્યારેક ચર્મચક્ષુ સાથે આંતરચક્ષુઓને પણ જોડી ભગવાનના દિદારનો અનુભવ કરવા જેવો ખરો. દર્શનની એ અનુભૂતિ હૃદયમાં એવી અંકિત થઈ જશે કે હૃદય જ મંદિર બની ગયાનો અનુભવ થશે. અહીં વર્ણવી છે એવી અનુભૂતિ પ્રત્યેક દર્શનાર્થીની હશે કદાચ. (જો મંદિરની બહાર ઊતારેલા ચંપલની ચિંતામાં મન રોકાયેલું ન હોય તો...હા...હા...હા...)

માનવસ્વભાવમાં ' આકર્ષક ' પ્રત્યે આકર્ષણ રહેલું છે. એટલે જ શૃંગારિકતા એને આકર્ષે છે. પ્રભુ ભક્તિમાં પણ માનવ સ્વભાવની આ લાક્ષણિકતા કામ કરે છે. હિંદુ ધર્મના મોટા ભાગના પંથોમાં મૂર્તિ પૂજા દ્વારા પ્રભુ ભક્તિ આચરવામાં આવે છે. જ્યાં પણ પ્રભુને મૂર્તિ સ્વરૂપે પ્રસ્થાપિત કરાય છે ત્યાં પ્રભુને સુંદર વસ્ત્રો – અલંકારોથી સજાવવામાં આવે છે. આવા મનોહર દર્શન મનને આનંદિત કરે છે.

હમણાં તો ચાર્તુમાસના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. કૃષ્ણ મંદિરોમાં ભગવાનના હીંડોળાની ઝાંખીના સુંદર દર્શનનો લ્હાવો લેવાના દિવસો છે. પ્રભુને બાળક કલ્પીને એમને લાડ લડાવવા ભક્તો દ્વારા રોજ સુંદર-નવી સજાવટ કરાય છે. સમય અને મહેનત માંગતી આ પ્રક્રિયા ભક્તો દ્વારા હોંશે- હોંશે કરવામાં આવે છે. પ્રભુના લાલન-પાલનની આ પ્રક્રિયા નિર્દોષ આનંદ આપનારી છે. આ થકી ભક્ત પ્રભુજી માટે ' કંઈક ' કર્યાનો સંતોષ પ્રાપ્ત કરે છે. ખાસ કરીને કૃષ્ણ ભક્તિમાં શૃંગાર રસને પ્રાધાન્ય છે. આ બાબતના વર્ણનનું સુંદર ગીત અત્રે યાદ આવે છે...

આંખ મીચુ ને મારા શ્યામને નીરખું, એને જોઈને મારા હૈયામાં હરખું
શ્યામ સુંદર તારી મૂર્તિ રૂપાળી, આંજેલી આંખડી છે અણિયાળી...
પીળાં પીતાંબર જરકસી જામા, કેડે કંદોરી છે ઘુઘરીયાળી
કાળા ભમ્મર માથે વાંકડીયા વાળ, નાજુક હોઠને ભવ્ય કપાળ.

ભગવાન શ્રી કૃષ્ણના બાલ સ્વરૂપનું આ ગીત ઘણું લાંબુ છે. પણ જ્યારે પણ સાંભળીએ ત્યારે એક સુંદર ચિત્ર ઉપસે છે. સાથે-સાથે મનમાં મોહ અને હૈયામાં વ્હાલ ઊભરાય છે. મનુષ્ય જેવી દેહાકૃતિમાં, સુંદર સાજ-સજાવટ સાથેની પ્રભુની મૂર્તિ જોઈ માનવો આશ્વસ્થ થાય છે. પ્રસન્નતા અનુભવે છે.

હિંદુધર્મમાં ઠેર-ઠેર શૃંગારિકતાને મહત્વ અપાય છે. અલગ-અલગ દેવી-દેવતા માટે તેમની પસંદ એવી અલગ પૂજા સામગ્રીનો ઉપયોગ થાય છે. દરેક દેવને પસંદ એવા અલગ-અલગ પુષ્પના ઉપયોગથી પૂજા કરવામાં આવે છે. દા.ત. ગણેશજીને જાસૂદનું પુષ્પ પ્રિય છે. હનુમાનજીને આંકડાનું પુષ્પ પ્રિય છે. નૈવેદ્ય-પ્રસાદમાં પણ આજ રીતે વિશેષ વાનગીથી લઈને છપ્પનભોગ સુધીના થાળનો નૈવેદ્ય કરાય છે. આ બધું જ પ્રભુ પ્રત્યે પ્રેમ અભિવ્યક્ત કરવાની માનવ સહજ ચેષ્ટાનો એક ભાગ છે.

ઈશ્વરનું અસ્તિત્વ ન સ્વીકારનાર, નાસ્તિક-રેશનાલીસ્ટ વર્ગ પણ છે. જેમને માટે આ બધું એક તરકટ જેવું છે. પરંતુ જે આસ્તિકતાને આધીન થઈ જીવે છે એ સહુ માટે આ પરંપરા રિવાજો મજાના છે, આનંદ આપનાર છે. એને અનુસરનારા એક પ્રકારની સલામતીનો અનુભવ કરે છે. જીવનની વિષમ પરિસ્થિતીઓમાં ધાર્મિક પ્રણાલિકાઓની ગોદ હૂંફ આપે છે. પ્રભુ શરણમાં શ્રધ્ધા ધરાવનાર માટે આ પૂજા-પાઠ, ધાર્મિક રીતી-રિવાજો, વ્રત-ઉપવાસ, ઉત્સવો અને તહેવારોની ઉજવણી જીવનના અનેક પડાવોને સાંકળતો હાઈ-વે બની રહે છે. અહીં તેઓ કોઈ ડર કે સંકોચ વિના પોતાની જીવન ગાડી હંકારવાનો આનંદ માણે છે. આ એવો હાઈ-વે છે જેના પર ડ્રાઈવીંગ સલામતી, વિશ્વાસ અને ધરપતનું લાયસન્સ આપે છે. તમામ ચિંતા શ્રધ્ધેશ્વરને સોંપી નિષ્ફીકર થઈને જીવવાની અનુકુળતા આપે છે. આ માર્ગ પર ચાલનારમાં વર્ગભેદ-વર્ણભેદ કે જાતિભેદ જેવું હોતું નથી અહીં ગરીબ કે તવંગર, બૌધ્ધિક કે અબૌધ્ધિક તમામ યાચકની સ્થિતીમાં હોય છે, એજ આપણી આ હિંદુ પરંપરાની વિશેષતા છે.

વિદેશી સંસ્કૃતિમાં આવા ધોરીમાર્ગની ખોટ વર્તાય છે. ત્યાંની પ્રભુ ભક્તિમાં કોઈ પરંપરા કે ઉજવણી, ઉત્સવો કે શૃંગારિકતાનો સમન્વય નથી. આથી ત્યાંના સમાજમાં એક સૂત્રતાનો અભાવ છે. વેરવિખેર સામાજીક વ્યવસ્થામાં અનેક આભાર – નિહારિકા રવિયા બદીઓનો પગપેસારાની શક્યતા રહેલી છે. હિંદુ ધર્મમાં માનવ સમુદાયને અયોગ્ય કામ કરતા રોકવા માટે ઈશ્વરનો ડર, પાપ-પુણ્યની થિયરી બહુ મોટો ભાગ ભજવે છે. જે સમાજજીવન-સંબંધો-મૂલ્યોને ટકાવવામાં મદદરૂપ થાય છે. જે માણસની માનસિકતાને મઠારે છે...આકાર આપે છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મનો વિશ્વમાં દબદબો છે. શ્રી વિવેકાનંદનો ગોળમેજી પરિષદનો બહુ ચર્ચિત કિસ્સો જેમાં અનેક ધર્મગ્રંથોની નીચે રહેલ ગીતાજીના પુસ્તક માટે ઊડાવાયેલી હાંસી સામે એમનો જવાબ હતો, ' આ એજ ગ્રંથ છે જે વિશ્વના તમામ ધર્મોનો આધાર છે. પાયો છે,' એ ત્યારે પણ એટલું જ સત્ય હતું. અત્યારે પણ છે અને હંમેશા રહેશે.

વૈજ્ઞાનિકતાને ધાર્મિકતાનો ઢોળ ચઢાવીને રચવામાં આવેલ હિંદુધર્મની પ્રણાલિકા સમાજના અબુધ-અજ્ઞાની જનસમુદાયને પણ સાંકળી લેવાના હેતુથી રચાયેલી છે. પ્રત્યેક તહેવાર-ઉજવણી સાથે વિજ્ઞાન જોડાયેલું છે. વ્રત-ઉપવાસમાં પણ ધાર્મિક આસ્થાની સાથે શારીરિક તંદુરસ્તીનો મહિમા સમાયેલો છે.

આ બધું જ છતાં પણ રામાયણ-મહાભારત જેવા મહાકાવ્યો, વેદ-ઉપનિષદ-ગીતાજી જેવા અનેક ધર્મગ્રંથોમાં આલેખાયેલ ધર્મ જીવનના પરમધ્યેયની પ્રાપ્તિનું માધ્યમ છે. શૃંગારિકતા સાથે સાધુતા એટલે કે સંતત્વ-વૈરાગીપણાનો સમન્વય એ હિંદુધર્મની વિશેષતા છે. આજના સમાયમાં આ વાત Attachment with deteenmen ખૂબ જાણીતું બન્યું.

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.

વિદેશી સંસ્કૃતિમાં આવા ધોરીમાર્ગની ખોટ વર્તાય છે. ત્યાંની પ્રભુ ભક્તિમાં કોઈ પરંપરા કે ઉજવણી, ઉત્સવો કે શૃંગારિકતાનો સમન્વય નથી. આથી ત્યાંના સમાજમાં એક સૂત્રતાનો અભાવ છે. વેરવિખેર સામાજીક વ્યવસ્થામાં અનેક બદીઓનો પગપેસારાની શક્યતા રહેલી છે. હિંદુ ધર્મમાં માનવ સમુદાયને અયોગ્ય કામ કરતા રોકવા માટે ઈશ્વરનો ડર, પાપ-પુણ્યની થિયરી બહુ મોટો ભાગ ભજવે છે. જે સમાજજીવન-સંબંધો-મૂલ્યોને ટકાવવામાં મદદરૂપ થાય છે. જે માણસની માનસિકતાને મઠારે છે...આકાર આપે છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મનો વિશ્વમાં દબદબો છે. શ્રી વિવેકાનંદનો ગોળમેજી પરિષદનો બહુ ચર્ચિત કિસ્સો જેમાં અનેક ધર્મગ્રંથોની નીચે રહેલ ગીતાજીના પુસ્તક માટે ઊડાવાયેલી હાંસી સામે એમનો જવાબ હતો, ' આ એજ ગ્રંથ છે જે વિશ્વના તમામ ધર્મોનો આધાર છે. પાયો છે,' એ ત્યારે પણ એટલું જ સત્ય હતું. અત્યારે પણ છે અને હંમેશા રહેશે.

કમળાની આયુર્વેદિક સારવાર

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

મેડીસીન ની ભાષા માં કમળા ને હિપેટાઈટીસ (હિપેટ એટલે લીવર) અથવા જોન્ડીસ કેહવાય છે. યકૃત કે લીવરની ખામીથી થતા આ રોગના ઘણા કારણો છે. જેમકે અમુક રોગો (જેવાકે મેલેરિયા, સીકલસેલ એનીમિયા, થેલીસેમીયા, કીડનીનાં અમુક રોગો આદિ) નાં ઉપદ્રવ સ્વરૂપે, મદ્યપાન કરવાથી, દૂષિત ખોરાક તથા પાણીથી, રક્તસંક્રમણથી (હિપેટાઈટીસ – બી મુખ્યત્વે રક્તસંક્રમણથી કે લોહીનાં સીધા સંસર્ગથી થાય છે). જોન્ડીસનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો, પ્રીહીપેટિક, હીપેટિક, તેમજ પોસ્ટ-હીપેટીક છે તથા હિપેટાઈટીસનાં પણ હિપેટાઈટીસ-એ, બી, સી, ડી તથા ઈ એમ પાચ પ્રકારો છે. આયુર્વેદમાં પણ કમળાનાં બે પ્રકારો મુખ્યત્વે કોષ્ઠઆશ્રીત તથા કોષ્ઠશાખાશ્રીત કહેલ છે.

આયુર્વેદમાં કમળાનાં ઈલાજ માટે અમુક શ્રેષ્ઠ ઔષધો તથા કલ્પનાઓનો ઉલ્લેખ છે જેના ઘણા સારા પરિણામો જોવા મળ્યા છે. વ્યક્તિની પ્રકૃતિબલ તથા રોગનાં બલને ધ્યાનમાં રાખીને નિયત ચિકિત્સા કરવાથી ખુબ સારા પરિણામો મળી શકે. વાત કરીએ કમળાની સામાન્ય ચિકિત્સાની.

આયુર્વેદના અમુક ઔષધો જેવાકે ભૃંગરાજ વટી, શમશમની વટી, પુનર્નવા ચૂર્ણ, કરિયાતું ચૂર્ણ, કડુ ચૂર્ણ, ત્રિફળા, આરોગ્યવર્ધિની વટી, અને ભુમીઆમલકી વગેરે કમળામાં શ્રેષ્ઠ પરિણામો આપે છે. આ ઉપરાંત આયુર્વે